रेल भर्ती बोर्ड / RAILWAY RECRUITMENT BOARD
सी ई एन - 06/2025 - CEN - 06/2025
एनटीपीसी (स्नातक स्तर) की भर्ती / Recruitment of NTPC Graduate Level

# RRB NTPC GRADUATE 2025 CBT 2

Graduate Level | CEN 06/2025

**GUJARATI ANSWER KEY**

## Official Answer Key with Solutions

All 1 Shifts · 10-07-2026 to 10-07-2026

| | |
|---|---|
| **Questions** | 120 |
| **Marking** | +1 correct / -1/3 wrong |
| **Duration** | 90 minutes |
| **Sections** | Maths 35 · Reasoning 35 · General Awareness 50 |

Every paper here is the official RRB response sheet with the correct answer marked.

### HOW TO USE THIS BOOK

1. Open the INDEX on the next page.
2. Click any row to jump straight to that date and shift.
3. Correct options are ticked in green, wrong ones crossed in red.
4. Use the bookmarks panel of your PDF reader to move between shifts.

Check your marks, normalized score and zone-wise rank free at
**rank.qmaths.in**

**Blackbook**

Score & Rank Calculator · rank.qmaths.in

Compiled 10 September 2026

# INDEX · Click any row to open that paper

RRB NTPC Graduate 2025 (Gujarati) · 1 shifts


| DAY | DATE | SHIFT | TIME | PAGE |
|---|---|---|---|---|
| Day 1 | **10-07-2026** | Shift 1 | 09:00 - 10:30 | 3 |

रेल भर्ती बोर्ड / RAILWAY RECRUITMENT BOARD
सी ई एन - 06/2025 - CEN - 06/2025
एनटीपीसी (स्नातक स्तर) की भर्ती / Recruitment of NTPC Graduate Level

| | |
|---|---|
| Test Center Name | iON Digital Zone iDZ 1 Odhav |
| Test Date | 10/07/2026 |
| Test Time | 9:00 AM - 10:30 AM |
| Subject | RRB NTPC GRADUATE CBT 2 |

*** Note**
**Correct Answer will carry 1 mark per Question.**
**Incorrect Answer will carry 1/3 Negative mark per Question.**

**1. Options shown in green color with a tick icon are correct.**
**2. Chosen option on the right of the question indicates the option selected by the candidate.**

Section : **RRB NTPC GRADUATE CBT 2**

**Q.1** **A, B, C, M, N અને O પૈકી દરેકના ગુણ અલગ-અલગ છે. B કરતાં માત્ર બે વ્યક્તિઓના ગુણ ઓછા છે. C ના ગુણ M કરતાં તરત જ વધુ છે. M અને O વચ્ચે માત્ર બે વ્યક્તિઓના ગુણ છે. A ના ગુણ N કરતાં વધુ છે. O કરતાં ઓછા ગુણ કોઈના નથી. તો N કરતાં વધુ ગુણ કેટલા લોકોએ મેળવ્યા છે?**

**Ans**
✔ A. ચાર
✘ B. ત્રણ
✘ C. એક
✘ D. બે

**Q.2** **એક દુકાનદાર ₹40,000 માં એક લેપટોપ ખરીદે છે. તે પ્રથમ તેને 20% નફા સાથે વેચે છે. ત્યારબાદ, ખરીદનાર તેને અન્ય વ્યક્તિને 10% ખોટ સાથે વેચે છે. તો લેપટોપની અંતિમ વેચાણ કિંમત શું હશે?**

**Ans**
✔ A. ₹43,200
✘ B. ₹50,000
✘ C. ₹48,000
✘ D. ₹42,000

**Q.3** **સુશાંત અને વરુણ 400 મીટર લાંબા વર્તુળાકાર માર્ગ પર દોડી રહ્યા છે. સુશાંત એક ચક્કર 100 સેકન્ડમાં પૂર્ણ કરે છે અને વરુણ એક ચક્કર 80 સેકન્ડમાં પૂર્ણ કરે છે. જો તેઓ એક જ બિંદુ પરથી એક જ સમયે પરસ્પર વિરુદ્ધ દિશામાં દોડવાનું શરૂ કરે, તો તેઓ બંને ફરીથી એકસાથે પ્રારંભિક બિંદુ પર મળે તે પહેલાં કેટલી વખત એકબીજાને મળશે?**

**Ans**
✘ A. 12
✔ B. 8
✘ C. 9
✘ D. 10

**Q.4** **ઓક્ટોબર 2025 માં નાગપુર ખાતે યોજાયેલી કોલ ઈન્ડિયા ઇન્ટર-કંપની પાવરલિફ્ટિંગ, વેઇટલિફ્ટિંગ અને બોડીબિલ્ડિંગ ચેમ્પિયનશિપ 2025-26 માં કઈ ટીમે ઓવરઓલ ચેમ્પિયનશિપ ટાઇટલ જીત્યું હતો?**

**Ans**
✘ A. SECL
✘ B. MCL
✔ C. WCL
✘ D. SCCL

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

Q.5 22 સપ્ટેમ્બર 2025ના રોજ પેરિસમાં યોજાયેલા સમારોહમાં કયા ખેલાડીએ 2025 બેલોન ડી'ઓર (Ballon d'Or) (પુરુષો માટે) પુરસ્કાર જીત્યો?

Ans
- ✗ A. એર્લિંગ હાલાન્ડ (Erling Haaland)
- ✓ B. ઉસ્માન ડેમ્બેલે (Ousmane Dembélé)
- ✗ C. કિલીયન એમબાપ્પે (Kylian Mbappé)
- ✗ D. જુડ બેલિંગહામ (Jude Bellingham)

Q.6 હવામાં અથવા જમીનમાં રહેલો કાર્બન ડાયોક્સાઇડ પાણી સાથે ભળે છે, ત્યારે તે રાસાયણિક અપક્ષય (chemical weathering)ની પ્રક્રિયા તરીકે ઓળખાય છે?

Ans
- ✗ A. કાર્બોક્સિલેશન
- ✗ B. કાર્બોલેશન
- ✓ C. કાર્બોનેશન
- ✗ D. કાર્બ્યુરિશન

Q.7 મિશ્રિત આવૃત્ત દશાંશ સંખ્યાઓ ધરાવતું નીચેનું સમીકરણ x માટે ઉકેલો અને તેનો ઉકેલ સામાન્ય અપૂર્ણાંક (vulgar fraction) તરીકે દર્શાવો.
3x + 2.3666... = 5.4666...

Ans
- ✗ A. $\frac{29}{31}$
- ✓ B. $\frac{31}{30}$
- ✗ C. $\frac{31}{20}$
- ✗ D. $\frac{31}{26}$

Q.8 બે સમકેન્દ્રી વર્તુળો, જેમનું સામાન્ય કેન્દ્ર 'O' છે, તેના બાહ્ય વર્તુળ પર એક જીવા AB આવેલી છે, જે આંતરિક વર્તુળને બિંદુઓ C અને D માં છેદે છે. જો કેન્દ્રથી જીવાનું અંતર 3 cm, બાહ્ય વર્તુળની ત્રિજ્યા 13 cm અને આંતરિક વર્તુળની ત્રિજ્યા 7 cm હોય, તો AC ની લંબાઈ (cm માં) શોધો.

Ans
- ✗ A. $3\sqrt{10}$
- ✓ B. $2\sqrt{10}$
- ✗ C. $5\sqrt{10}$
- ✗ D. $4\sqrt{10}$

Q.9 નીચેનામાંથી કઈ નદી ભારતમાં જળસંચય-વિસ્તાર (catchment area) ની દ્રષ્ટિએ સૌથી મોટો ડ્રેનેજ બેસિન બનાવે છે?

Ans
- ✗ A. ગોદાવરી
- ✗ B. કૃષ્ણા
- ✓ C. ગંગા
- ✗ D. નર્મદા

Q.10 P, Q, S, T, Y અને Z પૈકી દરેક વ્યક્તિએ અલગ અલગ ગુણ મેળવ્યા છે.
માત્ર બે જ વ્યક્તિઓએ Y કરતાં વધુ ગુણ મેળવ્યા છે. માત્ર S એ P કરતાં ઓછા ગુણ મેળવ્યા છે. T એ Q કરતાં વધુ પરંતુ Z કરતાં ઓછા ગુણ મેળવ્યા છે.
તો કેટલા લોકોએ T કરતાં વધુ ગુણ મેળવ્યા છે?

Ans
- ✓ A. એક
- ✗ B. બે
- ✗ C. ચાર
- ✗ D. ત્રણ

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

**Q.11** સિક્રેટ માઉન્ટેન (Secret Mountain) એ કોના દ્વારા કલ્પના કરાયેલ મેટાહ્યુમન ડિજિટલ બેન્ડ છે?

Ans
- ✗ A. શંકર મહાદેવન
- ✓ B. એ.આર. રહેમાન
- ✗ C. અરિજીત સિંહ
- ✗ D. શ્રેયા ઘોષાલ

**Q.12** એક વૈજ્ઞાનિક બટાટાના ગ્રંથિલના સંગ્રહક પેશીમાં અસંખ્ય રંગહીન રંજકકણો (પ્લાસ્ટીડ્સ) ધરાવતા વનસ્પતિ કોષનું અવલોકન કરે છે. આ રંજકકણો સાથે કયું કાર્ય સંકળાયેલું હોવાની સંભાવના સૌથી વધુ છે?

Ans
- ✓ A. પ્રકાશસંશ્લેષણ દ્વારા ઉત્પાદિત સ્ટાર્ચનો સંગ્રહ કરવો
- ✗ B. ઊર્જા ઉત્પન્ન કરવા માટે સૂર્યપ્રકાશને ગ્રહણ કરવો
- ✗ C. પ્રોટીન સંશ્લેષણ માટે એમિનો એસિડનું ઉત્પાદન કરવું
- ✗ D. લાલ અને પીળા રંજકદ્રવ્યોનું સંશ્લેષણ કરવું

**Q.13** એક વસ્તુને લેન્સની સામે 10 cm અંતરે રાખવામાં આવે છે, અને તેનું પ્રતિબિંબ વસ્તુની બાજુએ જ 30 cm અંતરે રચાય છે. તો લેન્સ દ્વારા ઉત્પન્ન થતી મોટવણી કેટલી હશે?

Ans
- ✗ A. -0.3
- ✗ B. 0.3
- ✗ C. -3
- ✓ D. 3

**Q.14** 19મી સદીની શરૂઆતમાં, બ્રિટિશ કૃષિ શોષણના વિરોધમાં વાયનાડ વિસ્તારના કેરળના પ્રથમ આદિવાસી સમુદાય દ્વારા 1812માં એક આદિવાસી વિદ્રોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વિદ્રોહ કયા નામે ઓળખાય છે?

Ans
- ✗ A. કાદર આદિવાસી વિદ્રોહ
- ✗ B. કુરુમ્બા વિદ્રોહ
- ✓ C. કુરીચિયા વિદ્રોહ
- ✗ D. કોયા વિપ્લવ

**Q.15** આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે નીચેનામાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?

LTP25 MUQ36 NVR47 OWS58 ?

Ans
- ✗ A. PXU69
- ✓ B. PXT69
- ✗ C. PXU68
- ✗ D. PXT68

**Q.16** જો $10\sin A + \cos A = \sqrt{6}\sin A$ હોય, તો $\tan A$ નું મૂલ્ય શોધો.

Ans
- ✗ A. $\frac{-10-\sqrt{6}}{96}$
- ✗ B. $\frac{-10-\sqrt{6}}{99}$
- ✓ C. $\frac{-10-\sqrt{6}}{94}$
- ✗ D. $\frac{-11-\sqrt{6}}{96}$

**Q.17** જો કોઈ સંખ્યાના 40% ને 240 માં ઉમેરવામાં આવે, તો પરિણામમાં તે જ સંખ્યા મળે છે. તો તે જ સંખ્યાના 50% કેટલા થાય?

Ans
- ✓ A. 200
- ✗ B. 220
- ✗ C. 300
- ✗ D. 440

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

**Q.18** વિકલ્પોમાંથી તે ત્રિપુટીને પસંદ કરો જે એ જ પેટર્નને અનુસરે છે જે નીચે આપેલી બે ત્રિપુટીઓ દ્વારા અનુસરવામાં આવે છે. બંને ત્રિપુટીઓ સમાન પેટર્નને અનુસરે છે.

CF – GI – KL
MP - QS – UV

**Ans**
- ✗ A. BF – EI – HL
- ✓ B. OR – SU – WX
- ✗ C. PL – RN – TP
- ✗ D. RM – QT – PR

**Q.19** H, I, J, K, U, V, W અને X એક ચોરસ મેજની ફરતે તેના કેન્દ્ર તરફ મુખ રાખીને બેસે છે. તેમાંથી ચાર લોકો ખૂણાઓ પર બેસે છે જ્યારે કે ચાર લોકો બાજુઓ (ભુજાઓ) ની બરાબર મધ્યમાં બેસે છે.
J અને W ની વચ્ચે માત્ર ત્રણ લોકો બેસે છે. J કોઈ પણ ખૂણા પર બેસતો નથી. I એ W ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. H એ J ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે. V એ W અને H બંનેની તરત જ બાજુમાં બેસે છે. U એ J ની તરત જ બાજુમાં બેસે છે. X એ W ની ડાબી બાજુએ બીજા સ્થાને બેસે છે.
જ્યારે K ની ડાબી બાજુથી ગણતરી કરવામાં આવે, તો K અને H ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

**Ans**
- ✗ A. એક
- ✗ B. ત્રણ
- ✓ C. ચાર
- ✗ D. બે

**Q.20** જો 'A' નો અર્થ '÷' થાય, 'B' નો અર્થ '×' થાય, 'C' નો અર્થ '+' થાય, અને 'D' નો અર્થ '−' થાય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

24 C 16 D 8 A 4 B 2 = ?

**Ans**
- ✗ A. 32
- ✓ B. 36
- ✗ C. 40
- ✗ D. 28

**Q.21** નીચેનામાંથી કયો વિકલ્પ $27x^3 + 343y^3 + 189x^2y + 441xy^2$ ને સમકક્ષ છે?

**Ans**
- ✗ A. $(5x + 7y)^3$
- ✗ B. $(7x + 3y)^3$
- ✗ C. $(3x + 10y)^3$
- ✓ D. $(3x + 7y)^3$

**Q.22** નીચે આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

39 52 65 78 91 ?

**Ans**
- ✓ A. 104
- ✗ B. 110
- ✗ C. 99
- ✗ D. 117

**Q.23** કયા નૃત્ય સ્વરૂપને અગાઉ યક્ષગાનના સામાન્ય નામથી ઓળખવામાં આવતું હતું?

**Ans**
- ✗ A. ભરતનાટ્યમ
- ✗ B. કથક
- ✓ C. કુચીપુડી
- ✗ D. મોહિનીઅટ્ટમ

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

**Q.24** એસિડિક દ્રાવણમાં વિદ્યુતપ્રવાહનું વહન કોના કારણે થાય છે?

Ans
- ✗ A. બનેલા વાયુના પરપોટા
- ✓ B. દ્રાવણમાં હાજર આયનો
- ✗ C. દ્રાવણમાં રહેલી ધાતુઓ
- ✗ D. માત્ર તટસ્થ અણુઓ

**Q.25** એક ΔABC ના બે શિરોબિંદુઓ A(1, 5) અને B(4, 7) છે અને તેનું મધ્યકેન્દ્ર D(4, 5) છે, તો ત્રિકોણનું ત્રીજું શિરોબિંદુ C (x, y) શોધો.

Ans
- ✗ A. C (7, 4)
- ✗ B. C (6, 3)
- ✓ C. C (7, 3)
- ✗ D. C (3, 6)

**Q.26** જો '+' અને '−' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

108 × 4 − 13 + 4 ÷ 7 = ?

Ans
- ✗ A. 14
- ✓ B. 12
- ✗ C. 16
- ✗ D. 10

**Q.27** આ પ્રશ્નમાં, સંખ્યાઓ/પ્રતીકોના એક સમૂહને નીચે આપેલા કોડ અને શરતો અનુસાર અક્ષર કોડ દ્વારા કોડ કરવામાં આવ્યા છે. શરતોનું પાલન કરતું કોડનું સાચું સંયોજન એ તમારો ઉત્તર છે. જો આપેલી શરતોમાંથી કોઈ પણ શરત લાગુ ન પડે, તો સંબંધિત સંખ્યા/પ્રતીક માટે કોષ્ટકમાં આપેલા કોડને જ સીધા ધ્યાનમાં લેવા.

| સંખ્યા/પ્રતીક | 3 | $ | 5 | 1 | @ | % | 2 | & | + | 7 | # | 8 | 4 | 6 |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| કોડ | W | I | D | M | O | H | Z | T | G | S | U | E | X | V |

શરતો:
(i) જો પ્રથમ અને અંતિમ બંને ઘટકો પ્રતીકો હોય, તો આ બંને (પ્રથમ અને અંતિમ ઘટકો) ના કોડની પરસ્પર અદલાબદલી કરવી પડશે.
(ii) જો પ્રથમ ઘટક એકી સંખ્યા હોય અને અંતિમ ઘટક બેકી સંખ્યા હોય, તો પ્રથમ અને અંતિમ બંને ઘટકોને © તરીકે કોડ કરવા પડશે.
(iii) જો બીજા અને ત્રીજા બંને ઘટકો પૂર્ણ વર્ગ સંખ્યાઓ હોય, તો ત્રીજા ઘટકના કોડને બીજા ઘટકના કોડ તરીકે કોડબદ્ધ કરવું પડશે.

નીચે આપેલા સંખ્યા-પ્રતીક સમૂહ માટે સાચો કોડ કયો છે?
3 % @ 1 4

Ans
- ✗ A. W M O H ©
- ✓ B. © H O M ©
- ✗ C. © M O H ©
- ✗ D. W H O M X

**Q.28** એક 10 બાજુ ધરાવતી આકૃતિના પાંચ અંત:કોણ છે અને દરેકનું માપ 185 ડિગ્રી છે. જો બાકીના પાંચ અંત:કોણ સમાન હોય, તો આ પાંચ ખૂણાઓમાંથી દરેકનું માપ (ડિગ્રીમાં) કેટલું હશે?

Ans
- ✓ A. 103
- ✗ B. 107
- ✗ C. 101
- ✗ D. 105

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

**Q.29** કોષ વિભાજન અને કાર્યની દ્રષ્ટિએ કઈ લાક્ષણિકતા વર્ધનશીલ પેશીને અન્ય વનસ્પતિ પેશીઓથી શ્રેષ્ઠ રીતે અલગ પાડે છે?

**Ans**
- ✔ A. કોષો સક્રિય રીતે વિભાજન પામે છે અને વનસ્પતિની વૃદ્ધિમાં ફાળો આપે છે.
- ✘ B. કોષો સમગ્ર વનસ્પતિમાં પાણી અને ખનિજોનું વહન કરે છે.
- ✘ C. કોષો મહત્વપૂર્ણ પોષક તત્ત્વોનો સંગ્રહ કરે છે અને અનામત જથ્થો જાળવી રાખે છે.
- ✘ D. કોષો વનસ્પતિની સપાટી પર રક્ષણાત્મક આવરણ બનાવે છે.

**Q.30** ભારતીય બંધારણનો કયો અનુચ્છેદ ખાસ કરીને ગ્રામ્ય, મધ્યવર્તી અને જિલ્લા સ્તરે પંચાયતોની રચના કરવાની જોગવાઈ કરે છે?

**Ans**
- ✘ A. અનુચ્છેદ 243H
- ✘ B. અનુચ્છેદ 243D
- ✔ C. અનુચ્છેદ 243B
- ✘ D. અનુચ્છેદ 243A

**Q.31** એક વિદ્યાર્થી એક સંયોજનને ગરમ કરે છે અને તેમાંથી કથ્થઈ રંગનો ધુમાડો નીકળતો જુએ છે. આ સંયોજન મોટે ભાગે કયું હશે?

**Ans**
- ✘ A. NaCl
- ✔ B. $Pb(NO_3)_2$
- ✘ C. $CaCO_3$
- ✘ D. AgCl

**Q.32** એક ધાતુની શીટ લંબચોરસ આકારની છે જેની લંબાઈ 56 cm અને પહોળાઈ 40 cm છે. તેના દરેક ખૂણામાંથી 10 cm નો એક ચોરસ કાપી લેવામાં આવે છે. બાકી રહેલી શીટમાંથી એક બંધ બોક્સ બનાવવામાં આવે છે. આ બોક્સમાં 4.0 cm લંબાઈ, 2.0 cm પહોળાઈ અને 1.5 cm ઊંચાઈ ધરાવતી કેટલી દિવાસળીની પેટીઓ સમાવી શકાય?

**Ans**
- ✘ A. 620 બોક્સ
- ✔ B. 600 બોક્સ
- ✘ C. 550 બોક્સ
- ✘ D. 610 બોક્સ

**Q.33** 216 $cm^3$ ઘનફળ ધરાવતા બે સમઘનને એકબીજાને છેડાથી છેડા જોડવામાં આવે છે. તેનાથી બનતા લંબઘનના વિકર્ણની લંબાઈ શોધો.

**Ans**
- ✘ A. $8\sqrt{7}$ cm
- ✘ B. $5\sqrt{2}$ cm
- ✔ C. $6\sqrt{6}$ cm
- ✘ D. $7\sqrt{3}$ cm

**Q.34** અમિત જમીન પર ઉભો છે અને 30° ના ઉત્સેધકોણ પર 100 m લાંબી દોરીનો ઉપયોગ કરીને પતંગ ચગાવી રહ્યો છે. નીતિન 10 m ઊંચી એક ઇમારતની છત પર ઉભો છે અને 45° ના ઉત્સેધકોણ પર તેનો પતંગ ચગાવી રહ્યો છે. બંને છોકરાઓ પતંગો જ્યાં મળે છે તે બિંદુની વિરુદ્ધ બાજુએ ઉભા છે. બંને પતંગો એક જ બિંદુએ મળે તે માટે નીતિને ઉપયોગમાં લેવી પડતી દોરીની લંબાઈ (m માં) શોધો.

**Ans**
- ✘ A. $50\sqrt{2}$
- ✘ B. $40\sqrt{3}$
- ✔ C. $40\sqrt{2}$
- ✘ D. $50\sqrt{3}$

Generated by rank.qmaths.in

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

Q.35 A એક કામ 9 દિવસમાં પૂરું કરી શકે છે અને B તે જ કામ 22 દિવસમાં પૂરું કરી શકે છે. જો તેઓ બંને સાથે મળીને 2 દિવસ કામ કરે, તો કેટલામાં ભાગનું કામ બાકી રહેશે?

Ans
- ✗ A. $\frac{71}{99}$
- ✓ B. $\frac{68}{99}$
- ✗ C. $\frac{76}{99}$
- ✗ D. $\frac{73}{99}$

Q.36 ડેટા 4, 6, 8, 10, 12, 14 નું મધ્યસ્થ શોધો.

Ans
- ✓ A. 9
- ✗ B. 10
- ✗ C. 8
- ✗ D. 11

Q.37 કયું એપ્લિકેશન સોફ્ટવેર યુઝર્સને ડેટામાં થયેલા ફેરફારનું પરિણામ તરત જ જોવાની મંજૂરી આપે છે?

Ans
- ✗ A. વર્ડ પ્રોસેસર (Word processor)
- ✗ B. ડેટાબેઝ સોફ્ટવેર (Database software)
- ✗ C. પ્રેઝન્ટેશન ટૂલ (Presentation tool)
- ✓ D. સ્પ્રેડશીટ (Spreadsheet)

Q.38 ઓમાયરા પોઇન્ટ F થી શરૂઆત કરે છે અને દક્ષિણ તરફ 45 m ચાલે છે. તે ડાબી તરફ વળે છે, 30 m ચાલે છે અને પછી ફરીથી ડાબી તરફ વળીને 20 m ચાલીને બિંદુ C પર પહોંચીને અટકી જાય છે. અંજન પોઇન્ટ Q થી શરૂઆત કરે છે જે પોઇન્ટ C થી ઉત્તર તરફ 15 m ના અંતરે છે. તે પૂર્વ તરફ 30 m ચાલે છે, ડાબી તરફ વળે છે, 10 m ચાલે છે અને પોઇન્ટ U પર અટકી જાય છે. તો પોઇન્ટ F અને પોઇન્ટ U વચ્ચેનું સૌથી ટૂંકું અંતર કેટલું છે? (બધા વળાંકો ફક્ત 90 અંશ (ડિગ્રી) ના વળાંકો છે.)

Ans
- ✓ A. 60 m
- ✗ B. 25 m
- ✗ C. 75 m
- ✗ D. 35 m

Q.39 જહાલવાદી અભિગમ મવાળવાદી અભિગમથી અલગ પડતો હતો કારણ કે જહાલવાદીઓ _____

Ans
- ✓ A. જનભાગીદારી અને પ્રત્યક્ષ રાજકીય આંદોલન પર ભાર મૂકતા હતા.
- ✗ B. સ્વરાજ્ય માટે વહીવટી સુધારાઓને એકમાત્ર માર્ગ તરીકે પ્રોત્સાહિત કરતા હતા.
- ✗ C. લોકકલ્યાણ માટે રાષ્ટ્રીય આર્થિક નીતિઓના ઉપયોગનો વિરોધ કરતા હતા.
- ✗ D. સરકાર સાથે માત્ર બંધારણીય વાટાઘાટોની હિમાયત કરતા હતા.

Q.40 કોલકાતામાં માર્બલ પેલેસ કોણે બંધાવ્યો હતો, જે તેના પુનરુજ્જીવન કાળના કલા સંગ્રહ (Renaissance art collection) અને નિયોક્લાસિકલ સ્થાપત્ય (neoclassical architecture) માટે જાણીતી એક ભવ્ય હવેલી છે?

Ans
- ✗ A. દાદાભાઈ નવરોજી (Dadabhai Naoroji)
- ✓ B. રાજા રાજેન્દ્ર મલ્લિક (Raja Rajendra Mullick)
- ✗ C. કેશવ ચંદ્ર સેન (Keshab Chandra Sen)
- ✗ D. બંકિમ ચંદ્ર ચેટર્જી (Bankim Chandra Chatterjee)

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now

**Q.41** 10 ઓહ્મ અવરોધ ધરાવતા એક તારને બે સમાન ટુકડાઓમાં કાપવામાં આવે છે. જો આ ટુકડાઓને સમાંતર જોડવામાં આવે, તો તેનો સમતુલ્ય અવરોધ કેટલો થાય?

**Ans**
- ✗ A. 20 ઓહ્મ
- ✓ B. 2.5 ઓહ્મ
- ✗ C. 5 ઓહ્મ
- ✗ D. 10 ઓહ્મ

**Q.42** એક લંબચોરસ મેદાનનું માપ 68.5 m બાય 45.6 m છે. આ મેદાનની બહારની ચારેય બાજુએ 2.4 m સમાન પહોળાઈનો પથ બનાવવામાં આવ્યો છે. પથની બહારની પરિમિતિ અને મૂળ મેદાનની પરિમિતિ વચ્ચેનો તફાવત શોધો.

**Ans**
- ✗ A. 20 m
- ✗ B. 17 m
- ✓ C. 19.2 m
- ✗ D. 18.5 m

**Q.43** ભારતના આર્થિક સર્વેક્ષણ (2002–03) માં 1991 ના સુધારાઓ પછી વૈશ્વિકીકરણની અસરોની ચર્ચા કરે છે. જ્યારે કોઈ જિલ્લો નવા ઉદ્યોગોને આકર્ષવા માંગતો હોય, ત્યારે કઈ વ્યૂહરચના આ પ્રભાવને શ્રેષ્ઠ રીતે પ્રતિબિંબિત કરે છે?

**Ans**
- ✗ A. ઔદ્યોગિક પરવાના પ્રણાલીનો વિસ્તાર કરવો
- ✗ B. કૃષિ સબસિડીમાં વધારો કરવો
- ✓ C. સ્થાનિક-વિદેશી સંયુક્ત સાહસોને પ્રોત્સાહન આપવું
- ✗ D. વિદેશી નાણાંકીય સંસ્થાઓ પર નિયંત્રણો લાદવા

**Q.44** એક સમાંતરબાજુ ચતુષ્કોણનો પાયો તેની ઊંચાઈ કરતાં ત્રણ ગણો છે. જો આ સમાંતરબાજુ ચતુષ્કોણનું ક્ષેત્રફળ 216 $cm^2$ હોય, તો તેની ઊંચાઈ શોધો.

**Ans**
- ✓ A. $6\sqrt{2}$ cm
- ✗ B. $8\sqrt{2}$ cm
- ✗ C. $5\sqrt{2}$ cm
- ✗ D. $7\sqrt{2}$ cm

**Q.45** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચેના ચાર વિકલ્પોમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને આમ તે એક જૂથ બનાવે છે. તો નીચેનામાંથી કયો વિકલ્પ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો વિકલ્પ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર-સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

**Ans**
- ✗ A. ORM
- ✗ B. GJE
- ✓ C. LMK
- ✗ D. RUP

**Q.46** નીચે આપેલા અભિમત (A) અને કારણ (R) ના સંદર્ભમાં સાચો વિકલ્પ પસંદ કરો.

**અભિમત (A):** ભારતીય ચૂંટણી પંચ નિર્દિષ્ટ માપદંડોના આધારે રાષ્ટ્રીય અથવા રાજ્ય કક્ષાના પક્ષો તરીકે માન્યતા આપે છે.
**કારણ (R):** રાજકીય પક્ષોની માન્યતા તેમના ચૂંટણીલક્ષી પ્રદર્શન અને ભારતીય ચૂંટણી પંચ દ્વારા નક્કી કરાયેલા નિયમોના પાલન પર આધાર રાખે છે.

**Ans**
- ✗ A. A ખોટું છે, R સાચું છે.
- ✗ B. A અને R બંને સાચા છે, પરંતુ R એ Aની સાચી સમજૂતી નથી.
- ✓ C. A અને R બંને સાચા છે, અને R એ A ની સાચી સમજૂતી છે.
- ✗ D. A સાચું છે, R ખોટું છે.

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play


**Q.47** બીજી પંચવર્ષીય યોજના દરમિયાન અપનાવવામાં આવેલા ઔદ્યોગિક નીતિ પ્રસ્તાવ (1956) નો ઉદ્દેશ્ય નીચેનામાંથી કયો હતો?

**Ans**
- ✗ A. ભારે ઉદ્યોગોનું ખાનગીકરણ
- ✗ B. માત્ર વપરાશી વસ્તુઓના ઉદ્યોગોને પ્રોત્સાહન આપવું
- ✗ C. જાહેર ક્ષેત્રની સંડોવણી ઘટાડવી
- ✓ D. સમાજની સમાજવાદી રચનાની સ્થાપના કરવી

**Q.48** એક જથ્થાબંધ વેપારી ગ્રાહકને કોઈ વસ્તુના 100 કરતાં વધુ યુનિટ ખરીદે તો કુલ ખરીદી પર 2% સ્કીમ ડિસ્કાઉન્ટ ઓફર કરે છે. જો પ્રતિ યુનિટ કિંમત ₹20 હોય, તો ગ્રાહક 150 યુનિટ ખરીદે તો ચૂકવવાપાત્ર કુલ રકમ કેટલી થશે?

**Ans**
- ✗ A. ₹3,020
- ✗ B. ₹2,980
- ✓ C. ₹2,940
- ✗ D. ₹3,000

**Q.49** આપેલી આકૃતિમાં, AB એ CD ને સમાંતર છે અને RS એ એક છેદિકા છે. X નું મૂલ્ય શોધો.




**Ans**
- ✓ A. 55
- ✗ B. 65
- ✗ C. 35
- ✗ D. 45

**Q.50** નીચેનામાંથી કયા બોર્ડની સ્થાપના સસ્ટેનેબલ હાર્નેસિંગ એન્ડ એડવાન્સમેન્ટ ઓફ ન્યુક્લિયર એનર્જી ફોર ટ્રાન્સફોર્મિંગ ઈન્ડિયા અધિનિયમ, 2025 હેઠળ કરવામાં આવશે?

**Ans**
- ✗ A. સેન્ટ્રલ રેડિએશન મોનિટરિંગ બોર્ડ
- ✓ B. એટોમિક એનર્જી રેગ્યુલેટરી બોર્ડ
- ✗ C. નેશનલ ન્યુક્લિયર સેફ્ટી બોર્ડ
- ✗ D. ન્યુક્લિયર પાવર ડેવલપમેન્ટ બોર્ડ

**Q.51** રાહુલની ઉંમર અને તેના પુત્રની ઉંમરનો ગુણોત્તર 7 : 2 છે. જો રાહુલની ઉંમર 49 વર્ષ હોય, તો તેના પુત્રની ઉંમર કેટલી હશે?

**Ans**
- ✗ A. 15 વર્ષ
- ✗ B. 13 વર્ષ
- ✓ C. 14 વર્ષ
- ✗ D. 12 વર્ષ

Generated by rank.qmaths.in

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

**Q.52** આ પ્રશ્નમાં, એક પ્રશ્ન પછી (I) અને (II) થી ક્રમાંકિત બે વિધાનો આપવામાં આવ્યા છે. તમારે નક્કી કરવાનું છે કે વિધાનોમાં આપેલી માહિતી એ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે કે નહીં. બંને વિધાનો વાંચો અને સૌથી યોગ્ય જવાબ પસંદ કરો.

5 છોકરીઓ, ગૌરી, રાગિની, નવ્યા, કાજલ અને લવલી, એક વર્તુળાકાર ટેબલની આસપાસ કેન્દ્ર તરફ મુખ રાખીને બેસે છે. લવલીની તરત જ ડાબી બાજુએ કોણ બેસે છે?
(I) ગૌરી એ લવલીની તરત જ જમણી બાજુએ બેસે છે. રાગિની એ કાજલની તરત જ ડાબી બાજુએ બેસે છે.
(II) નવ્યા એ કાજલની ડાબી બાજુથી બીજા સ્થાને બેસે છે. ગૌરી એ નવ્યા અને લવલી બંનેની તરત જ બાજુમાં બેસે છે.

**Ans**
- ✗ A. વિધાન I માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન II માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✓ B. વિધાન II માં આપેલી માહિતી એકલી જ પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે, જ્યારે કે વિધાન I માં આપેલી માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
- ✗ C. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
- ✗ D. વિધાન I અને II માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.

**Q.53** શિવમે ₹30,000 ની રકમ 3 વર્ષ માટે સાદા વ્યાજના નિશ્ચિત દરે ઉછીની લીધી. જો તેણે સમયગાળાના અંતે વાર્ષિક x% વ્યાજના દરે ₹4,500 વ્યાજ ચૂકવ્યું હોય, તો x નું મૂલ્ય શોધો.

**Ans**
- ✗ A. 4
- ✗ B. 6
- ✓ C. 5
- ✗ D. 7

**Q.54** A, B, C, D, S, T અને U માંથી દરેકનો જન્મ જાન્યુઆરીથી શરૂ થઈને ડિસેમ્બરમાં પૂરા થતા એક જ વર્ષના અલગ-અલગ મહિના એટલે કે જાન્યુઆરી, ફેબ્રુઆરી, એપ્રિલ, મે, જૂન, સપ્ટેમ્બર અને ડિસેમ્બરમાં થયો હતો. D નો જન્મ જૂનમાં થયો હતો. ફક્ત S એ B કરતાં નાનો છે. C એ T કરતા મોટો છે પણ A કરતા નાનો છે. U નો જન્મ ફેબ્રુઆરીમાં થયો હતો. તો B અને A ની વચ્ચે કેટલા લોકોનો જન્મ થયો હતો?

**Ans**
- ✗ A. બે
- ✓ B. ચાર
- ✗ C. એક
- ✗ D. ત્રણ

**Q.55** એક ચોક્કસ સાંકેતિક ભાષામાં,
A + B નો અર્થ થાય છે કે 'A એ B ના માતા છે'
A – B નો અર્થ થાય છે કે 'A એ B નો ભાઈ છે'
A x B નો અર્થ થાય છે કે 'A એ B ની પત્ની છે'
A % B નો અર્થ થાય છે કે 'A એ B ના પિતા છે', અને
A # B નો અર્થ થાય છે કે 'A એ B ની પુત્રી છે'.

નીચેનામાંથી કોનો અર્થ એ થાય છે કે Q એ L ની પત્નીની બહેન છે?
I. V % Q # K + Z – T x L
II. V + Q # K % Z – T + L
III. V # K x Q % L + T # Z
IV. V + Q # G – Z % T + L

**Ans**
- ✗ A. માત્ર IV
- ✗ B. I અને III બંને
- ✓ C. માત્ર I
- ✗ D. II અને IV બંને

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

**Q.56** એક પ્રશ્ન પછી (I) અને (II) નંબરવાળા બે વિધાન આપેલ છે. પ્રશ્નનો જવાબ આપવા માટે કયું વિધાન પૂરતું છે/ પૂરતા છે તે ઓળખો.

H, I, J, K અને L માં સૌથી ઊંચું કોણ છે?

(I) J એ H અને I કરતા ઊંચો છે પણ K કરતા ટૂંકો છે.
(II) L એ K કરતા ટૂંકો છે પણ J કરતા ઊંચો છે.

**Ans**
❌ A. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી નથી.
✔ B. વિધાન (I) અને (II) માં આપેલી માહિતીને એકસાથે લેતા (અને વિધાન I અથવા વિધાન II ની માહિતીને એકલી રીતે ધ્યાનમાં ન લેતા) તે પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે.
❌ C. વિધાન II માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે જ્યારે વિધાન I માં આપેલ માહિતી પૂરતી નથી.
❌ D. વિધાન I માં આપેલ માહિતી પ્રશ્નનો જવાબ આપવા માટે પૂરતી છે જ્યારે વિધાન II માં આપેલ માહિતી પૂરતી નથી.

**Q.57** નીચે આપેલા વિધાનોમાંથી ચતુષ્કોણ માટેના સાચા વિધાનો પસંદ કરો.

A. સમદ્વિબાજુ સમલંબ ચતુષ્કોણમાં, સમાંતર બાજુઓ સમાન હોય છે.
B. પતંગાકાર ચતુષ્કોણ એ સમાંતરબાજુ ચતુષ્કોણનો એક પ્રકાર છે.
C. બધા ચોરસ સમબાજુ ચતુષ્કોણ છે.
D. કોઈપણ ચતુષ્કોણની બાજુઓના મધ્યબિંદુઓને જોડવાથી બનતો ચતુષ્કોણ એ સમલંબ ચતુષ્કોણ છે.

**Ans**
❌ A. A, B, D
❌ B. B, C
❌ C. A, D
✔ D. માત્ર C

**Q.58** Δ XYZ માં, XT એ ∠X નો દ્વિભાજક છે જે બાજુ YZ ને બિંદુ T એ મળે છે. જો XY = 5.6 cm, YZ = 6 cm, અને YT = 3.2 cm હોય, તો XZ શોધો.

**Ans**
✔ A. 4.9 cm
❌ B. 5.4 cm
❌ C. 6 cm
❌ D. 4.2 cm

**Q.59** પંચાયતી રાજ વ્યવસ્થાના કયા સ્તરે મંડળ અથવા તાલુકા પંચાયતો કાર્ય કરે છે?

**Ans**
✔ A. મધ્યવર્તી સ્તર
❌ B. જિલ્લા સ્તર
❌ C. ગ્રામ્ય સ્તર
❌ D. મહાનગર સ્તર

**Q.60** નીચેનામાંથી કયા સિંધુ ખીણની સભ્યતાના સ્થળેથી ગોદી (ડોકયાર્ડ) મળી આવી હતી?

**Ans**
❌ A. મોહેંજો-દડો
✔ B. લોથલ
❌ C. કાલીબંગા
❌ D. હડપ્પા

**Q.61** ભારતમાં કયા પ્રકારની જમીન તેની ઉચ્ચ ભેજ-સંગ્રહ (moisture-retention) ક્ષમતાને કારણે પરંપરાગત રીતે કપાસની ખેતી માટે સૌથી વધુ અનુકૂળ ગણાય છે?

**Ans**
❌ A. હિમાલયની નદીઓ દ્વારા પથરાયેલી કાંપની જમીન
❌ B. પશ્ચિમના શુષ્ક (arid) પ્રદેશોમાં જોવા મળતી રણ પ્રકારની જમીન
❌ C. વધુ વરસાદવાળા વિસ્તારોમાં જોવા મળતી લેટરાઇટ (Laterite) જમીન
✔ D. ચીકણી અને ભેજવાળી કાળી જમીન

Blackbook

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

**Q.62** પ્રાથમિક ખાધ એટલે રાજકોષીય ખાધ માઇનસ _____.

**Ans**
- ✗ A. મૂડી ખર્ચ (Capital expenditure)
- ✓ B. વ્યાજની ચૂકવણી (Interest payments)
- ✗ C. મહેસૂલી ખાધ (Revenue deficit)
- ✗ D. ધિરાણ (Borrowings)

**Q.63** સમયના ચોક્કસ ગાળા દરમિયાન કાર્ય થવાનો દર કઈ ભૌતિક રાશિ દ્વારા દર્શાવાય છે?

**Ans**
- ✓ A. પાવર
- ✗ B. બળ
- ✗ C. સ્થાનાંતર
- ✗ D. ઊર્જા

**Q.64** આ પ્રશ્ન નીચે આપેલા શબ્દો પર આધારિત છે.

(ડાબી બાજુ) TON TAR DEV TAB (જમણી બાજુ)

અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમ મુજબ જમણી બાજુથી બીજા શબ્દના બીજા અક્ષર અને ડાબી બાજુથી પહેલા શબ્દના બીજા અક્ષર વચ્ચે કુલ કેટલા અક્ષરો આવે છે?

**Ans**
- ✗ A. 7
- ✓ B. 9
- ✗ C. 8
- ✗ D. 6

**Q.65** જો '+' અને '-' ની અરસપરસ અદલાબદલી કરવામાં આવે અને 'x' અને '÷' ની અરસપરસ અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં '?' ના સ્થાને શું આવશે?

42 x 3 - 25 ÷ 5 + (56 x 8) ÷ 2 - 24 = ?

**Ans**
- ✗ A. 167
- ✗ B. 132
- ✓ C. 149
- ✗ D. 158

**Q.66** A, B, C, D, E, F, G અને H એક ચોરસ ટેબલની ફરતે ટેબલના કેન્દ્ર તરફ મુખ રાખીને બેસે છે. તેમનામાંથી કેટલાક ખૂણાઓમાં બેસે છે જ્યારે કેટલાક બાજુઓની બરાબર મધ્યમાં બેસે છે. B એ H ની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે. B કોઈપણ બાજુની મધ્યમાં બેસતો નથી. F એ E અને B ની તરત જ બાજુમાં બેસે છે. D એ H ની ડાબી બાજુએ ત્રીજા સ્થાને બેસે છે. G એક ખૂણામાં બેસે છે. C એ A ની જમણી બાજુએ બીજા સ્થાને બેસે છે. જો D ની ડાબી બાજુથી ગણતરી કરવામાં આવે, તો D અને A ની વચ્ચે કેટલા લોકો બેસે છે?

**Ans**
- ✓ A. પાંચ
- ✗ B. એક
- ✗ C. ચાર
- ✗ D. ત્રણ

**Q.67** સૌથી મોટી ચાર-અંકી સંખ્યા કઈ છે કે જેને 8, 7 અને 11 વડે ભાગતાં દરેક કિસ્સામાં શેષ 4 વધે?

**Ans**
- ✗ A. 9956
- ✓ B. 9860
- ✗ C. 9811
- ✗ D. 9624

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

Q.68 જો '+' અને '–' ની પરસ્પર અદલાબદલી કરવામાં આવે અને '×' અને '÷' ની પણ પરસ્પર અદલાબદલી કરવામાં આવે, તો નીચે આપેલા સમીકરણમાં પ્રશ્નચિહ્ન '?' ના સ્થાને શું આવશે?

35 + 10 × 2 – 15 ÷ 3 = ?

Ans
- ✗ A. 76
- ✗ B. 74
- ✗ C. 77
- ✓ D. 75

Q.69 નીચેના ડેટા માટેના મધ્યકને સાપેક્ષ સરેરાશ વિચલન શોધો.

5, 10, 15, 20, 25

Ans
- ✗ A. 5
- ✓ B. 6
- ✗ C. 7
- ✗ D. 8

Q.70 આ પ્રશ્ન નીચે આપેલી પાંચ, ત્રણ-અંકી સંખ્યાઓ પર આધારિત છે.

(ડાબી બાજુ) 715 438 961 127 821 (જમણી બાજુ)
(ઉદાહરણ: 697 – પહેલો અંક = 6, બીજો અંક = 9 અને ત્રીજો અંક = 7)
(નોંધ: તમામ સંક્રિયાઓ (ઓપરેશન્સ) ડાબી બાજુએથી જમણી બાજુ કરવાની છે.)

જો સૌથી મોટી સંખ્યાના ત્રીજા અંકને સૌથી નાની સંખ્યાના બીજા અંકમાં ઉમેરવામાં આવે તો પરિણામ શું આવશે?

Ans
- ✓ A. 3
- ✗ B. 6
- ✗ C. 10
- ✗ D. 9

Q.71 ભારતીય બંધારણના અનુચ્છેદ 75(3) હેઠળ, કયુ અંગ સામૂહિક રીતે લોકસભા (હાઉસ ઓફ ધ પીપલ)ને જવાબદાર છે?

Ans
- ✗ A. રાજ્યસભા
- ✓ B. મંત્રી પરિષદ
- ✗ C. ભારતની સુપ્રીમ કોર્ટ
- ✗ D. ભારતનું નાણાં પંચ

Q.72 જો 'P' નો અર્થ '×', 'Q' નો અર્થ '÷', 'R' નો અર્થ '-' અને 'S' નો અર્થ '+' થતો હોય, તો નીચેના સમીકરણમાં પ્રશ્નાર્થ ચિહ્ન (?) ના સ્થાને શું આવશે?

(42 Q 6) P 5 S 7 P 11 R (64 Q 8) P 2 R 5 P 6 = ?

Ans
- ✗ A. 54
- ✓ B. 66
- ✗ C. 42
- ✗ D. 62

Q.73 ભારતમાં નીચેના પૈકી કયું સંરક્ષણ સ્થળ એક-શિંગડાવાળા ગેંડાના સફળ સંરક્ષણ માટે પ્રખ્યાત છે?

Ans
- ✗ A. સાયલન્ટ વેલી રાષ્ટ્રીય ઉદ્યાન
- ✗ B. ગીર રાષ્ટ્રીય ઉદ્યાન
- ✓ C. કાઝીરંગા રાષ્ટ્રીય ઉદ્યાન
- ✗ D. પેરિયાર વન્યજીવ અભયારણ્ય

Blackbook

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

**Q.74** **સમ્રાટ અશોકના શિલાલેખો મુખ્યત્વે નીચેનામાંથી કઈ લિપિમાં લખાયેલા હતા?**

**Ans**
- ✗ A. દેવનગરી
- ✗ B. ખરોષ્ઠી
- ✓ C. બ્રાહ્મી
- ✗ D. ગુપ્ત લિપિ

**Q.75** **MS Word 2021 માં ટેબલના સિલેક્ટ કરેલા સેલ (Cells) ની અંદરના ટેક્સ્ટને તમે ઊભી રીતે (Vertical center) કેવી રીતે સેન્ટરમાં લાવી શકો છો?**

**Ans**
- ✓ A. Right-click selection > Table Properties > Cell tab > Vertical alignment: Center
- ✗ B. Home tab > Paragraph group > Align Left
- ✗ C. Home tab > Paragraph group > Align Right
- ✗ D. Home tab > Paragraph group > Justify

**Q.76** **L એ M ની માતા છે. M એ O ની માતા છે. O એ H ની બહેન છે. H એ P ની પત્ની છે. P એ F ના પિતા છે. F એ G ની માતા છે. તો M એ F સાથે કેવી રીતે સંબંધિત છે?**

**Ans**
- ✓ A. માતાની માતા
- ✗ B. બહેનની પુત્રી
- ✗ C. માતાની બહેન
- ✗ D. પિતાની બહેન

**Q.77** **ભારતમાં વહીવટી વ્યાજ દરોમાંથી બજાર-આધારિત દરો અપનાવવાની ભલામણ કઈ સમિતિએ કરી હતી?**

**Ans**
- ✗ A. ચેલૈયા સમિતિ (1991)
- ✗ B. રંગરાજન સમિતિ (1997)
- ✓ C. નરસિંહમ સમિતિ I (1991)
- ✗ D. કેલકર સમિતિ (2002)

**Q.78** **વિકલ્પોમાંથી કયો અક્ષર-સંખ્યા સમૂહ નીચે આપેલી શ્રેણીને તાર્કિક રીતે પૂર્ણ કરવા માટે પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને આવશે?**

**KDW 25, NGZ 35, QJC 55, TMF 95, WPI 175, ?**

**Ans**
- ✓ A. ZSL 335
- ✗ B. ZML 335
- ✗ C. LSL 335
- ✗ D. ZSG 335

**Q.79** **એક ચોક્કસ કોડમાં,**
**'wishing everyone well' ને 'lh cv vd' તરીકે કોડ કરવામાં આવે છે,**
**'wishing happy days' ને 'fv fz lh' તરીકે કોડ કરવામાં આવે છે,**
**'days everyone enjoy' ને 'cv vm fz' તરીકે કોડ કરવામાં આવે છે.**
**(બધા કોડ ફક્ત બે-અક્ષરના કોડ છે.)**

**તો 'happy everyone' માટે સંભવિત કોડ શું છે?**

**Ans**
- ✗ A. fv lh
- ✗ B. vd fz
- ✗ C. cv fz
- ✓ D. fv cv

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

**Q.80** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે, નીચે આપેલા ચાર અક્ષર-સમૂહમાંથી ત્રણ અમુક ચોક્કસ રીતે સમાન છે અને તેથી એક જૂથ બનાવે છે. કયો અક્ષર-સમૂહ તે જૂથ સાથે સંબંધિત નથી?
(નોંધ: અલગ પડતો અક્ષર-સમૂહ વ્યંજનો/સ્વરોની સંખ્યા અથવા અક્ષર સમૂહમાં તેમની સ્થિતિ/સ્થાન પર આધારિત નથી.)

**Ans**
- ✗ A. JOR
- ✗ B. DIL
- ✓ C. OSV
- ✗ D. HMP

**Q.81** તમારી પાસે એક મોટો ડેટાસેટ (dataset) છે અને તેને વિવિધ કૉલમ (columns) ના આધારે વારંવાર સૉર્ટ (sort) કરવાની જરૂર છે. "Sort" ડાયલોગ બોક્સને વારંવાર ખોલ્યા વિના, વિવિધ સૉર્ટિંગ માપદંડોને ઝડપથી એક્સેસ કરવા અને લાગુ કરવાની એક કાર્યક્ષમ રીત કઈ છે?

**Ans**
- ✗ A. ક્વિક એક્સેસ ટૂલબાર (Quick Access Toolbar) માં "Sort" કમાન્ડ ઉમેરો અને દર વખતે સૉર્ટ સેટિંગ્સને ગોઠવો.
- ✗ B. તમે જે કૉલમ દ્વારા સૉર્ટ કરવા માંગો છો તે દરેક માટે સ્લાઈસર્સ (Slicers) બનાવો.
- ✓ C. સામાન્ય રીતે ઉપયોગમાં લેવાતા દરેક સોર્ટ ઓર્ડર માટે એક મેક્રો (macro) રેકોર્ડ કરો.
- ✗ D. દર વખતે મેન્યુઅલી જરૂરી કોલમ પસંદ કરો અને ક્વિક સોર્ટ બટનોનો ઉપયોગ કરો.

**Q.82** એક યુઝર ઇન્ટરનેટ પર તેના સહકર્મીને મોટી ફાઇલ મોકલવા માંગે છે. આ કાર્ય માટે કઈ ઇન્ટરનેટ સેવા સૌથી વધુ યોગ્ય છે?

**Ans**
- ✗ A. ઇન્સ્ટન્ટ મેસેજિંગ
- ✗ B. ઇ-મેલ (E-mail)
- ✓ C. ફાઇલ ટ્રાન્સફર પ્રોટોકોલ (FTP)
- ✗ D. વર્લ્ડ વાઇડ વેબ (World Wide Web)

**Q.83** 1885 માં ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (Indian National Congress) ની સ્થાપના કરવાનો શ્રેય નીચેનામાંથી કોને આપવામાં આવે છે?

**Ans**
- ✗ A. લોર્ડ રિપન (Lord Ripon)
- ✗ B. લોર્ડ કર્ઝન (Lord Curzon)
- ✗ C. લોર્ડ ડફરિન (Lord Dufferin)
- ✓ D. એલન ઓક્ટેવિયન હ્યુમ (Allan Octavian Hume)

**Q.84** એક શર્ટની કિંમતમાં પહેલા 20% નો વધારો થાય છે અને પછી 20% નો ઘટાડો થાય છે. તો કિંમતમાં થયેલ ચોખ્ખો ટકાવારી ફેરફાર કેટલો હશે?

**Ans**
- ✗ A. કોઈ ફેરફાર થશે નહીં
- ✓ B. 4% ઘટાડો
- ✗ C. 0.4% વધારો
- ✗ D. 8% ઘટાડો

**Q.85** આપેલી શ્રેણીમાં પ્રશ્નચિહ્ન (?) ના સ્થાને શું આવવું જોઈએ?

111, 223, 449, 903, 1813, ?

**Ans**
- ✓ A. 3635
- ✗ B. 3536
- ✗ C. 3630
- ✗ D. 3036

**Q.86** જો (x + 3) અને (x − 3) વચ્ચેનો ગુણોત્તર મધ્યક 4 હોય, તો x નું મૂલ્ય કેટલું છે; x> 0?

**Ans**
- ✗ A. 4
- ✗ B. 6
- ✓ C. 5
- ✗ D. 3

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

Q.87 જૂન 2025 માં, નીચેનામાંથી કોની નિમણૂક ભારતની બાહ્ય ગુપ્તચર સંસ્થા, રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગ (RAW)ના સેક્રેટરી તરીકે કરવામાં આવી હતી?

Ans
✔ A. પરાગ જૈન
✘ B. રવિ સિન્હા
✘ C. સામંત ગોયલ
✘ D. અરવિંદ કુમાર

Q.88 MS PowerPoint પ્રેઝન્ટેશનને PDF ફોર્મેટમાં કન્વર્ટ કરવાનો મુખ્ય ફાયદો શું છે?

Ans
✘ A. તે વિવિધ સૉફ્ટવેર એપ્લિકેશનો સાથે ક્રોસ-પ્લેટફોર્મ એડિટિંગ સક્ષમ બનાવે છે.
✔ B. તે PowerPoint સૉફ્ટવેરની જરૂરિયાત વિના સાર્વત્રિક દૃશ્ય (universal viewing) સુનિશ્ચિત કરે છે.
✘ C. તે દ્રશ્ય ગુણવત્તા (visual quality) જાળવી રાખીને ફાઇલનું સાઈઝમાં નોંધપાત્ર ઘટાડો કરે છે.
✘ D. તે ડોક્યુમેન્ટ એન્ક્રિપ્શન અને પાસવર્ડ પ્રોટેક્શન આપમેળે લાગુ કરે છે.

Q.89 નીચે આપેલી અક્ષર, સંખ્યા, પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની રહેશે. (બધી સંખ્યાઓ ફક્ત એક-અંકની સંખ્યાઓ છે.)

(ડાબી બાજુ) S R E S 2 U ^ $ + X B 7 N M 7 4 C Z 5 @ U 4 D / (જમણી બાજુ)
તો એવી કેટલી સંખ્યાઓ છે કે જેની તરત જ પહેલા એક અક્ષર આવે છે અને તરત જ પછી એક પ્રતીક પણ આવે છે?

Ans
✔ A. એક
✘ B. ત્રણ
✘ C. બે
✘ D. એક પણ નહીં

Q.90 એક ચોક્કસ તર્કને અનુસરીને 9 એ 117 સાથે સંબંધિત છે. તે જ તર્કને અનુસરીને, 12 એ 156 સાથે સંબંધિત છે. તો તે સમાન તર્કને અનુસરીને, આપેલા વિકલ્પોમાંથી 17 કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજિત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવી જોઈએ. દા.ત. 13 લો - 13 પર ક્રિયાઓ જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં વિભાજિત કરીને પછી 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની મંજૂરી નથી.)

Ans
✘ A. 197
✘ B. 201
✘ C. 186
✔ D. 221

Q.91 માર્ચ 2026 માં કઈ સંસ્થાએ ઇન્વેસિવ એલિયન સ્પીસીઝ (invasive alien species) પર એક સમિતિની સ્થાપના કરી?

Ans
✔ A. નેશનલ બાયોડાયવર્સીટી ઓથોરિટી (National Biodiversity Authority)
✘ B. ઇન્ડિયન કાઉન્સિલ ઓફ ફોરેસ્ટ્રી રિસર્ચ (Indian Council of Forestry Research)
✘ C. પર્યાવરણ મંત્રાલય
✘ D. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ

Q.92 અમુક સંખ્યામાં લોકો હરોળમાં ઉત્તર દિશા તરફ મુખ કરીને બેઠા છે. E હરોળના એકદમ ડાબી બાજુના છેડે બેઠો છે. E અને F ની વચ્ચે બરાબર સાત લોકો બેઠા છે. A એ F ની જમણી બાજુએ ત્રીજા સ્થાને બેઠો છે. C અને B ની વચ્ચે બરાબર ચાર લોકો બેઠા છે. C એ E અને F ની બરાબર વચ્ચે બેઠો છે. B અને D ની વચ્ચે બરાબર ચાર લોકો બેઠા છે. D કોઈપણ એક છેડા પર બેઠો છે. તો હરોળમાં બેઠેલા લોકોની કુલ સંખ્યા કેટલી છે?

Ans
✘ A. 8
✘ B. 12
✘ C. 10
✔ D. 15

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

**Q.93** નીચેનામાંથી કોને અન્ય 2 અર્થશાસ્ત્રીઓ સાથે સંયુક્ત રીતે 2025 ના અર્થશાસ્ત્રમાં નોબલ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો?

**Ans**
- ✗ A. પોલ ક્રુગમેન (Paul Krugman)
- ✗ B. ડેરોન એસેમોગ્લુ (Daron Acemoglu)
- ✗ C. થોમસ પિકેટી (Thomas Piketty)
- ✓ D. જોએલ મોકીર (Joel Mokyr)

**Q.94** અંગ્રેજી મૂળાક્ષરોના ક્રમના આધારે CM24 એક ચોક્કસ રીતે HR26 સાથે સંબંધિત છે. તે જ રીતે, AT15 એ FY17 સાથે સંબંધિત છે. તો આ સમાન તર્કને અનુસરીને, CR12 એ નીચેનામાંથી કયા વિકલ્પ સાથે સંબંધિત છે?

**Ans**
- ✗ A. IV14
- ✓ B. HW14
- ✗ C. IW14
- ✗ D. HV14

**Q.95** આપેલા સુરેખ સમીકરણ યુગ્મને અનંત ઉકેલો છે.

$3x + 7y = 15$
$ax + by = 30$

તો a અને b ના મૂલ્યો શું હશે?

**Ans**
- ✓ A. a = 6; b = 14
- ✗ B. a = 14; b = 6
- ✗ C. a = 3; b = 7
- ✗ D. a = 7; b = 3

**Q.96** ચોલા શાસન (Cholas) હેઠળની સ્થાનિક સ્વરાજ્યની વ્યવસ્થા સૌથી શ્રેષ્ઠ રીતે શેમાં પ્રતિબિંબિત થાય છે?

**Ans**
- ✓ A. ઉત્તરામેરુર શિલાલેખ (Uttaramerur Inscription)
- ✗ B. હાથીગુફા શિલાલેખ (Hathigumpha Inscription)
- ✗ C. અલ્હાબાદ સ્તંભ શિલાલેખ (Allahabad Pillar Inscription)
- ✗ D. ઐહોલ શિલાલેખ (Aihole Inscription)

**Q.97** વાર્ષિક ધોરણે ચક્રવૃદ્ધિ પામતા, ચક્રવૃદ્ધિ વ્યાજના એક નિશ્ચિત દરે, કોઈ રકમ 7 વર્ષમાં ત્રણ ગણી થાય છે. તો કેટલા વર્ષમાં તે મૂળ રકમની 27 ગણી થશે?

**Ans**
- ✗ A. 23 વર્ષ
- ✗ B. 11 વર્ષ
- ✓ C. 21 વર્ષ
- ✗ D. 31 વર્ષ

**Q.98** નીચે આપેલી ત્રિપુટીમાં, દરેક અક્ષર સમૂહ એક ચોક્કસ તર્કને અનુસરતા અનુગામી અક્ષર સમૂહ સાથે સંબંધિત છે. તો આપેલા વિકલ્પોમાંથી તે જ તર્કને અનુસરતો વિકલ્પ પસંદ કરો.

BARS - ARBS - SRAB
FLAM - LAFM - MALF

**Ans**
- ✓ A. KEAT - EAKT - TAEK
- ✗ B. MIND - INMD - INDM
- ✗ C. BALK - ABLK - KALB
- ✗ D. WAST - WSAT - TSAW

**Q.99** મહારાષ્ટ્રમાં આવેલો નીચેનામાંથી કયો ટાપુ યુનેસ્કો (UNESCO) વર્લ્ડ હેરિટેજ સ્થળ છે, જે તેની પ્રાચીન ગુફાઓ અને 5th સદીની શિલ્પકળા માટે જાણીતો છે?

**Ans**
- ✗ A. બુચર ટાપુ
- ✗ B. સાલ્સેટ ટાપુ
- ✗ C. ખંડેરી ટાપુ
- ✓ D. એલિફન્ટા ટાપુ

Blackbook

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

Q.100 નીચે આપેલી અક્ષર, સંખ્યા અને પ્રતીક શ્રેણીનો સંદર્ભ લો અને પ્રશ્નનો જવાબ આપો. ગણતરી ફક્ત ડાબી બાજુથી જમણી બાજુ કરવાની રહેશે.

(ડાબી બાજુ) Y 7 H # 4 B Q $ 3 L 9 @ N 8 X Z * & T 2 R (જમણી બાજુ)
તો એવા કેટલા પ્રતીકો છે કે જેની તરત જ પહેલા એક સંખ્યા આવે છે અને તરત જ પછી એક અક્ષર પણ આવે છે?

Ans
- ✗ A. ત્રણ
- ✓ B. એક
- ✗ C. બે
- ✗ D. એક પણ નહીં

Q.101 ભૌગોલિક પરિભાષામાં અક્ષાંશ અને રેખાંશને સામાન્ય રીતે શું કહેવામાં આવે છે?

Ans
- ✓ A. ભૌગોલિક નિર્દેશાંક
- ✗ B. ગ્રહોના ચિહ્નો
- ✗ C. ભૌગોલિક સીમાઓ
- ✗ D. વૈશ્વિક વિભાગો

Q.102 નીચે સંખ્યાઓના બે સેટ આપેલા છે. દરેક સંખ્યાના સેટમાં, પહેલી સંખ્યા પર અમુક ગાણિતિક પ્રક્રિયા કરવાથી બીજી સંખ્યા મળે છે. તેવી જ રીતે, બીજી સંખ્યા પર અમુક ગાણિતિક પ્રક્રિયા કરવાથી ત્રીજી સંખ્યા મળે છે અને આ ક્રમ આગળ ચાલે છે. આપેલા વિકલ્પોમાંથી કયો વિકલ્પ પ્રશ્નમાં અનુસરવામાં આવેલ સેટ જેવો જ ગાણિતિક નિયમ (ક્રિયાઓ) અનુસરે છે?
(નોંધ: સંખ્યાઓને તેમના ઘટક અંકોમાં વિભાજીત કર્યા વિના, પૂર્ણ સંખ્યાઓ પર ક્રિયાઓ કરવાની રહેશે. દા.ત. 13 લો – 13 આ સંખ્યા પર ક્રિયાઓ, જેમ કે 13 માં સરવાળો/ બાદબાકી/ ગુણાકાર વગેરે પૂર્ણ 13 પર કરી શકાય છે. 13 ને 1 અને 3 માં છૂટા પાડીને ત્યારબાદ 1 અને 3 પર ગાણિતિક ક્રિયાઓ કરવાની છૂટ નથી.)
5 – 5 – 25 - 125;
4 – 4 – 16 – 64

Ans
- ✗ A. 8 – 8 – 64 – 520
- ✓ B. 6 – 6 – 36 – 216
- ✗ C. 7 – 7 – 49 – 94
- ✗ D. 3 – 3 – 9 – 36

Q.103 V, U, T, O, N, M અને L પૈકી દરેકનો જન્મ એક જ વર્ષના જાન્યુઆરી, માર્ચ, મે, જૂન, જુલાઈ, સપ્ટેમ્બર અને ડિસેમ્બરમાં થયો હતો, જે જાન્યુઆરીથી શરૂ થઈને ડિસેમ્બરમાં સમાપ્ત થાય છે.
M કરતાં માત્ર બે વ્યક્તિઓ મોટી છે. L અને M ની વચ્ચે માત્ર બે વ્યક્તિઓનો જન્મ થયો હતો. O કરતાં માત્ર U જ મોટો છે. T એ N કરતાં મોટો છે પણ V કરતાં નાનો છે.
તો T અને U ની વચ્ચે કેટલા લોકોનો જન્મ થયો હતો?

Ans
- ✗ A. બે
- ✓ B. ત્રણ
- ✗ C. ચાર
- ✗ D. એક

Q.104 ભારતીય બંધારણના કયા અનુચ્છેદમાં લોકોને અસરકારક રીતે સુરક્ષિત કરીને અને તેમનું રક્ષણ કરીને તેમના કલ્યાણને પ્રોત્સાહિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે?

Ans
- ✗ A. અનુચ્છેદ 41
- ✓ B. અનુચ્છેદ 38
- ✗ C. અનુચ્છેદ 40
- ✗ D. અનુચ્છેદ 39

Q.105 સાદું રૂપ આપો: $\frac{(2^4 \times 3^4 \times 5^4)}{(2^2 \times 3^2 \times 5^2)}$

Ans
- ✗ A. 909
- ✓ B. 900
- ✗ C. 910
- ✗ D. 905

Generated by rank.qmaths.in

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

**Q.106** જો '+' અને '-' ની અરસપરસ અદલાબદલી કરવામાં આવે અને 'x' અને '÷' ની અરસપરસ અદલાબદલી કરવામાં આવે, તો નીચેના સમીકરણમાં '?' ના સ્થાને શું આવશે?

81 x 9 - 14 ÷ 2 + (60 x 6) ÷ 3 - 49 + 15 = ?

Ans
- ✗ A. 64
- ✗ B. 56
- ✗ C. 32
- ✓ D. 41

**Q.107** ઇન્ટરનેશનલ ડે ફોર ડિઝાસ્ટર રિસ્ક રિડક્શન (IDDRR) 2025 કઈ થીમ હેઠળ ઉજવવામાં આવ્યો?

Ans
- ✓ A. ફંડ રેઝિલિયન્સ, નોટ ડિઝાસ્ટર્સ (Fund Resilience, Not Disasters)
- ✗ B. રીબિલ્ડીંગ કમ્યુનિટીઝ ટુગેધર (Rebuilding Communities Together)
- ✗ C. ઇન્વેસ્ટિંગ ઇન સસ્ટેનેબલ ફ્યુચર્સ (Investing in Sustainable Futures)
- ✗ D. સ્ટ્રેન્થનિંગ અર્લી વોર્નિંગ સિસ્ટમ્સ (Strengthening Early Warning Systems)

**Q.108** ફળદ્રુપ મેદાનો, ઔદ્યોગિકીકરણ અને શહેરી વિકાસને કારણે વિશ્વના કયા પ્રદેશમાં સૌથી વધુ વસ્તી ગીચતા છે?

Ans
- ✓ A. દક્ષિણ અને પૂર્વ એશિયા
- ✗ B. ગ્રીનલેન્ડ
- ✗ C. સહારાનું રણ
- ✗ D. એમેઝોન બેસિન

**Q.109** O કેન્દ્રવાળા વર્તુળના બહારના બિંદુ Q માંથી બે સ્પર્શકો PQ અને QR દોરેલા છે. જો OQ = 41 cm, $\angle PQR = 60^\circ$ અને વર્તુળની ત્રિજ્યા 9 cm હોય, તો $\Delta PRQ$ ની પરિમિતિ શોધો.

Ans
- ✓ A. 120 cm
- ✗ B. 80 cm
- ✗ C. 135 cm
- ✗ D. 95 cm

**Q.110** એક નવું કીટનાશક (pesticide) કૃષિ ક્ષેત્રે કીટકો (insects) ની વસ્તીમાં ઘટાડો કરે છે. પક્ષીઓ, વનસ્પતિઓ અને વિઘટકોની ભૂમિકાને ધ્યાનમાં લેતા, ખેતરની આહારજાળ પર પડનારી સૌથી સંભવિત અસરનું અનુમાન કરો.

Ans
- ✗ A. નિવસનતંત્રની અંદર તમામ પોષક સ્તરોમાં ઊર્જાનો પ્રવાહ અટકી જશે.
- ✗ B. પરાગનયન કરનારાઓના અભાવે વનસ્પતિની વસ્તીમાં નાટકીય રીતે ઘટાડો થશે.
- ✗ C. વધુ મૃત જૈવિક પદાર્થોને કારણે વિઘટકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થશે.
- ✓ D. કીટકો જેવા શિકાર (prey) માં ઘટાડો થવાને કારણે પક્ષીઓની વસ્તી ઘટી શકે છે, જે ઊર્જાના પ્રવાહમાં ફેરફાર કરશે.

**Q.111** પ્રખ્યાત નવલકથા "ધ ગાઇડ" કયા ભારતીય લેખક દ્વારા લખવામાં આવી હતી?

Ans
- ✗ A. વિક્રમ શેઠ (Vikram Seth)
- ✓ B. આર.કે. નારાયણ (R.K. Narayan)
- ✗ C. રાજા રાવ (Raja Rao)
- ✗ D. ખુશવંત સિંહ (Khushwant Singh)

**Q.112** A અને B એક કામ 35 દિવસમાં પૂરું કરે છે. જો A એકલો તે કામ 60 દિવસમાં કરી શકે, તો B એકલો તે જ કામનો ત્રીજો ભાગ ________ દિવસમાં પૂરો કરી શકે.

Ans
- ✗ A. 36
- ✗ B. 84
- ✓ C. 28
- ✗ D. 42

Generated by rank.qmaths.in

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

**Q.113** શરૂઆતમાં સ્થિર સ્થિતિમાં રહેલા એક બોક્સને જમણી તરફ 30 N ના બળથી ધકેલવામાં આવે છે, જ્યારે ઘર્ષણ ડાબી તરફ 30 N નું બળ લગાડે છે. તો બોક્સની ગતિનું શું થશે?

Ans
- ✗ A. બોક્સ વિરુદ્ધ દિશામાં ગતિ કરશે.
- ✗ B. બોક્સ ધીમું પડશે અને અટકી જશે.
- ✓ C. બોક્સ સ્થિર જ રહેશે.
- ✗ D. બોક્સ જમણી તરફ પ્રવેગિત ગતિ કરશે.

**Q.114** જો 12 કામદારો એક દિવાલને 18 દિવસમાં પૂર્ણ કરી શકે છે, તો 8 કામદારો તેને કેટલા દિવસમાં પૂર્ણ કરશે?

Ans
- ✗ A. 32 દિવસ
- ✗ B. 30 દિવસ
- ✓ C. 27 દિવસ
- ✗ D. 36 દિવસ

**Q.115** પરમાણુ સંકેતમાં દર્શાવેલ સંજ્ઞા Z કોનો નિર્દેશ કરે છે?

Ans
- ✗ A. વિદ્યુતભાર
- ✓ B. પરમાણુ ક્રમાંક
- ✗ C. પરમાણુ દળાંક
- ✗ D. ન્યૂટ્રોન સંખ્યા

**Q.116** એક વ્યક્તિ સ્થાન P થી સ્થાન Q પર એક વસ્તુ ખરીદવા માટે મુસાફરી કરે છે, જે વસ્તુની કિંમત સ્થાન P કરતાં સ્થાન Q પર 15% ઓછી છે. તે મુસાફરી પાછળ ₹150 ખર્ચ કરે છે અને તેમ છતાં સ્થાન P પરથી તે વસ્તુ ખરીદવાની સરખામણીમાં ₹150 બચાવે છે. તો સ્થાન P પરની વસ્તુની કિંમતના સંદર્ભમાં તેની ટકાવારી બચત કેટલી હશે?

Ans
- ✗ A. 9%
- ✗ B. 4.5%
- ✓ C. 7.5%
- ✗ D. 3.5%

**Q.117** ₹3059 ની રકમને ત્રણ હિસ્સામાં એવી રીતે વહેંચવામાં આવે છે કે પ્રથમ હિસ્સાનો અડધો ભાગ, બીજા હિસ્સાનો ચોથો ભાગ અને ત્રીજા હિસ્સાનો આઠમો ભાગ સમાન થાય છે. તો ત્રીજા હિસ્સાનું મૂલ્ય (₹ માં) શોધો.

Ans
- ✗ A. 1548
- ✗ B. 1948
- ✓ C. 1748
- ✗ D. 1848

**Q.118** ભારતમાં નીચેનામાંથી કઈ ખનીજ સંસાધન યોજના અને તેનાં સ્થળની જોડી યોગ્ય રીતે જોડાયેલી છે?

Ans
- ✗ A. રાણીગંજ કોલફિલ્ડ – ગુજરાત
- ✗ B. નૈયવેલી લિગ્નાઇટ પ્રોજેક્ટ – પંજાબ
- ✗ C. કોરબા કોલફિલ્ડ – રાજસ્થાન
- ✓ D. કુદ્રેમુખ આયર્ન ઓર પ્રોજેક્ટ – કર્ણાટક

**Q.119** નીચેનામાંથી કયો મૂળભૂત અધિકાર માત્ર ભારતીય નાગરિકોને જ મળેલો છે, અને વિદેશીઓને મળ્યો નથી?

Ans
- ✗ A. કાયદા સમક્ષ સમાનતાનો અધિકાર
- ✗ B. શોષણ વિરુદ્ધનો અધિકાર
- ✗ C. જીવન અને વ્યક્તિગત સ્વતંત્રતાનો અધિકાર
- ✓ D. વાણી અને અભિવ્યક્તિની સ્વતંત્રતાનો અધિકાર

**Q.120** 750 મીટરની એક સુરેખ દોડમાં, X એ Y ને 10 મીટરથી હરાવી શકે છે. 444 મીટરની દોડમાં, Y એ Z ને 6 મીટરથી હરાવી શકે છે. તો 150 મીટરની દોડમાં, X એ Z ને કેટલા મીટરથી હરાવશે?

Ans
- ✓ A. 4
- ✗ B. 3
- ✗ C. 6
- ✗ D. 2

Get the Toppers Choice
BLACKBOOK VOCAB APP - Download Now
GET IT ON Google Play

"

Blackbook

Generated by rank.qmaths.in